પ્રાચીન સમયના ઐતિહાસિક વારસા પર ડો. હરિનું રસપ્રદ વ્યાખ્યાન અને પ્રેઝન્ટેશન

વાસ્કો ડી ગામાએ નોંધ્યું હતું કે, તે ભારત આવ્યા ત્યારે તેમના જહાજથી પણ દસ ગણા મોટા જહાજો ભારત પાસે હતા

નવગુજરાત સમય > અમદાવાદ

સોમનાથ મંદિર અનેક વખત તોડી પડાયું, અનેક વખત ફરીથી બનાવાયું, તેથી આપણી પાસે ઘણી બાબતો સાતત્યપૂર્ણ, આધારભૂત માહિતીનો અભાવ છે : પી.કે. લહેરી

સોમનાથ ટ્રસ્ટના આમંત્રણથી ગુજરાત આવેલા ડી.કે. હરિ અને હેમા હરિ દ્વારા વિશ્વકોશ અને સદ્વિચાર પરિવાર ખાતે પ્રાચીન સમયના ઐતિહાસિક વારસા પર વ્યાખ્યાન અને પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. વિશ્વકોશના પ્રેઝન્ટેશનમાં સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી પી.કે. લહેરી અને વિશ્વકોશના મેનેજિંગ ટ્રસ્ટી- કુમારપાળ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. હરિએ ભારત જ્ઞાન પ્રેઝન્ટેશન અંતર્ગત ભારતવર્ષ અંગે સમજણ આપી હતી. તેમણે કહ્યું કે ભારત જ્ઞાનની ધરતી છે. આપણે ત્યાં વરસાદનું એક ચોક્કસ સમયપત્રક છે, એ પ્રમાણે જ સમગ્ર દેશમાં પહેલો વરસાદ પહોંચે છે. રામાયણકાળથી આ લક્ષણ કઈ રીતે રહ્યું છે. આ એક માત્ર સંસ્કૃતિ છે, જેમાં તમે પ્રશ્ન પૂછી શકો છો અને અભ્યાસથી ગુણવત્તાસભર જવાબો પણ મેળવી શકો છો. આપણે ત્યાં તર્ક અને કુતર્ક બંનેની પરંપરા છે. તેમણે વિવિધ પાસાઓ પર બનેલી ફિલ્મ્સ પણ દર્શાવી હતી.

સદ્વિચાર પરિવારના તેમના પ્રેઝન્ટેશનમાં ડૉ. હરિએ જણાવ્યું કે અમે દુનિયાના 40 દેશોની મુલાકાત લીધી છે. ત્યાં અમે એ જોઈએ છીએ કે એ તેમના ઈતિહાસમાંથી તેઓ કઈ બાબતો બતાવે છે અને તેનું ગૌરવ લે છે. અમે ગૂગલયુગ પહેલાં પુસ્તકો અને પ્રવાસો દ્વારા જ્ઞાન મેળવીને 400થી વધુ શોર્ટ ફિલ્મો અને 100થી વધુ પુસ્તકો લખ્યા છે. તેમણે તેમના સંશોધનના આધારે ભારતના ઈતિહાસના વિવિધ પાસાઓ પર પુસ્તકોની શ્રેણી લખી છે, મેડ ઈન ઈન્ડિયા, રૂટ્સ ઈન ઈન્ડિયા, યુનિક્સ ઓફ ઈન્ડિયા, લીડ્ઝ ફ્રોમ ઈન્ડિયા અને ફ્યુચર ફ્રોમ ઈન્ડિયા. તેમણે જણાવ્યું કે વાસ્કો ડી ગામાએ નોંધ્યું હતું કે, તે જ્યારે ભારત આવ્યા ત્યારે તેમના જહાજથી પણ દસગણા મોટા જહાજો ભારત પાસે હતા. ડૉ. હરિના જણાવ્યા અનુસાર તેમાં ઝીંક, લોખંડ, સ્ટીલ, ગળી, કોટન, સાકર અને મસાલાનો વેપાર થતો હતો. જે સમગ્ર યુરોપ અને અમેરિકા, બ્રિટન સુધી પહોંચતો હતો. આ દરેક બાબતોની તેમણે ઐતિહાસિક પુસ્તકો અને લેખકોના ઉલ્લેખ અને પુરાવા સાથે વાત કરી હતી. તેમણે જણાવ્યું કે દુનિયામાં જેટલા પણ હીરા જાણીતા છે અને જેટલા પણ હીરાના નામોની ચર્ચા છે, તે દરેકનું મૂળ ભારતમાં છે.

પી.કે. લહેરીએ જણાવ્યું કે સોમનાથ મંદિર અનેક વખતે તોડી પડાયું, અનેક વખત ફરીથી બનાવાયું, તેથી આપણી પાસે ઘણી બાબતો સાતત્યપૂર્ણ અને આધારભૂત માહિતીનો અભાવ છે. આ સ્થિતિ દેશના ઘણા સ્થાપત્યોની છે. તેથી લોકો એવું કહે છે કે આપણે ત્યાં ઐતિહાસિક દસ્તાવેજીકરણ યોગ્ય રીતે થતું નથી. પરંતુ આપણે ત્યાં એક તકલીફ એવી છે, કે ઘણા ઈતિહાસને દંતકથા માની લેવાય છે. તે ઉપરાંત આપણી પાસે આ કથાઓમાં અપાયેલા પુરવાઓને આધારભૂત બનાવી શકાય તેવું જ્ઞાન કે ક્ષમતા પણ ખૂટે છે ત્યારે ડો. હરિ આ વિશે ઈતિહાસના વિવિધ પાસાઓ પર ઊંડાણપૂર્વક સંશોધન અને અભ્યાસ કરે છે. 11થી 13 ફેબ્રુઆરી દરમિયાન અમે તેમની મદદથી એક રાષ્ટ્રીય કક્ષાના સેમિનારનું આયોજન કરી રહ્યા છીએ. ડૉ. હેમા હરિએ ભારત વર્ષ પર તેમણે બનાવેલી વિવિધ ફિલ્મ્સ વિશે માહિતી આપી હતી.